**આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર,આકૃયુ, દેવગઢ બારીયા ખાતે ચાલતી ઓન ફાર્મ રીસર્ચ યોજના અંતર્ગત ખરીફ ઋતુના પાકો મકાઇ અને સોયાબીનની તાલીમનું આયોજન કરી બિયારણનું કીટ વિતરણ કરવામાં આવ્યું**

આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર આકૃયુ, દેવગઢ બારીયા ખાતે ચાલતી ઓલ ઈન્ડિયા કો-ઓર્ડિનેટેડ રિસર્ચ પ્રોજેકટ ઓન ઇંટિગ્રેટેડ ફાર્મિંગ સિસ્ટમ અંતર્ગત તા.૧૭/૦૬/૨૦૨૨ ના રોજ એક દિવસય ખેડૂત તાલીમનું આયોજન કરેલ. આ તાલીમ કાર્યક્રમમાં ગરબાડા તાલુકાના આમલી અને વડવા ગામના કુલ ૩૦ ખેડૂતોને મૂલ્યવર્ધનના નિદર્શન તરીકે મકાઇ અને સોયાબીનના નિદર્શન આપવામાં આવેલ. આ તાલીમ કાર્યક્રમમાં ડૉ.વાય.બી.ચૌહાણ, અત્રેની કચેરીના યુનિટ વડાએ કેન્દ્ર ખાતે ચાલતી વિવિધ યોજનાઓને લગતી માહિતીથી ખેડૂતોને માહિતગાર કર્યા, તેઓશ્રીએ ચોમાસુ પાકોમાં રોગજીવાત નિયંત્રણ વિશે માહિતી આપી. ડૉ. એચ.કે.દેસાઇ, રીસર્ચ એસોસીએટએ યોજનાકીય માહિતી આપી. ડૉ. એ. વાય. માકાણી,રીસર્ચ એસોસીએટ દ્વારા મકાઇ અને સોયાબીનની ખેતી પદ્ધતિ વિશે વિગતવાર માહિતી આપી અને ડૉ. એકતા એચ.પંડ્યા,રીસર્ચ એસોસીએટ દ્વારા મકાઇ અને સોયાબીનની પોષણક્ષમ બનાવટોની જાણકારી આપી. આમ ખેડૂતોને વિવિધ વિષયો પર માર્ગદશન આપવામાં આવ્યું.

આ એક દિવસ તાલીમનું સંપૂર્ણ સંકલન શ્રી ડી.જે.ગોહિલ, ખેતી મદદનીશ, શ્રી વી.એચ.રાઠવા, ખેતી મદદનીશ તેમજ સપના એસ.મુનીયા, યંગ પ્રોફેશનલ દ્વારા કરવામાં આવેલ તેમજ ખેડૂતોને મકાઇ અને સોયાબીનના બિયારણનું કીટ વિતરણ કરવામાં આવેલ.








